# पुuना International School

Shree Swaminarayan Gurukul, Zundal

| SUMMATIVE ASSESSMENT- I [2021 – 22] | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name: | | Grade | VIII | Roll No. | |
| Date: | | Subject | GUJARATI | | |
| Teacher's Sign. | | | Total marks | | 80 |

## [ READING SECTION] વાંચનકાર્ય

**પ્રશ્ન 1 (અ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો. [10- MARKS]**

1) કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો
1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?
2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?
3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?
4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**પ્રશ્ન 1 (બ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. [10- MARKS]**

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;
પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્યદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દેવ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

પ્રશ્નો : 1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?
2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?
3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?
4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## [WRITING SECTION ] લેખનકાર્ય

**પ્રશ્ન 2 (અ) નીચેના વિશે નિબંધ લખો. ( કોઈ પણ એક)** **[10- MARKS]**

1) રેલવે સ્ટેશન 2) માતૃપ્રેમ

**પ્રશ્ન 2 (બ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.** **[10- MARKS]**

1 ) એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

**પ્રશ્ન 3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **[3- MARKS]**

1) દિવસ
2) સ્ટૉલ
3) તવંગર

**પ્રશ્ન 4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.** **[3- MARKS]**

1) સાક્ષર
2) જવાબ
3) નુકશાન

**પ્રશ્ન 5 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.** **[10- MARKS]**

1) આ કાવ્ય કોને સંબોધીને લખાયું છે?
   અ) ધરતીને   બ) હિંદને
   ક) હિંદમાતાને   ડ) સૌ સંતાનોને

2) વીસ ફૂટ ઉંચા સ્તંભ ઉપર શાની સ્થાપના કરવાની હતી?
   અ) પરમેશ્વરની   બ) મૂર્તિની
   ક) ચિત્રની   ડ) ગણપતીની

3) દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો?
   અ) સ્વચ્છતાનો   બ) નમ્રતા
   ક) ખુમારી   ડ) વફાદારી

4) રવિશંકર મહારાજને માણસાઈના દિવા કોણે કહ્યા છે?
   અ) ગાંધીજી   બ) ઝવેરચંદ મેઘાણી
   ક) મહેન્દ્ર મેઘાણી   ડ) ધીરુભાઈ

5) કવિએ કઈ મોસમને ‘ મહેનતની મોસમ ‘ કહી છે.
   અ) લણવાની   બ) વસંતઋતુ

ક)　ચોમાસાની　　ડ)　શિયાળાની

6) ખાડાંની ધારે કેવી રીતે ચાલવાનું છે?

અ) સાચવીને　　બ) ધીરજથી

ક) ગંભીરતાથી　　ડ) સમય-સંજોગો જોઈને

7) કવિ કોને અજવાળવાનુ કહે છે?

અ) ઓરડાને　　બ) શેરીને

ક) અંતરને　　ડ) ગામને

8) વહેલી સવારે બાદશાહે ઝરૂખાની નીચે શુ જોયુ?

અ) નોકર ચોગાનમાં ઊભો હતો.

બ) નોકર ચોગાનમાંથી ઝાડુ લેતો હતો.

ક) નોકર ઝાડુથી ચોગાન વાળતો હતો.

ડ) નોકર ઝાડુ ઊંચુ કરીને રાજા સામે જોતો હતો.

9) નોકરને જવાબ શીખવનાર કોણ હતુ?

અ) અકબર　　બ) બિરબલ

ક) બેગમ　　ડ) ફાંસીગર

10) ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શુ કહે છે?

અ) ખાડો　　બ) હવાડો

ક) કુંડ　　ડ) જળવાડો

**પ્રશ્ન 6 નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.　[4- MARKS]**

1) પાણી આવવા – જવા માટે બાંધેલો સાંકડો માર્ગ

2) ગામની હદ

3) સવારનો નાસ્તો

4) ઝટપટ ઉકેલી ન શકે તેવો પ્રશ્ન

## [ LITRATURE SECTION ] સાહિત્ય

**પ્રશ્ન 7 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.　[10- MARKS]**

1) ચિત્રમાં કયાં – કયાં સ્ટૉલ નજરે પડે છે?

2) કવિ વંદન સ્વીકારવાનુ કોને કહે છે?

3) શિલ્પી શુ કરી રહ્યો હતો?

4) સીમ કોને સાદ કરે છે?

5) હરખચંદે મણેક કપાસિયા શા માટે ખરીધ્યા હતા?

6) જોગણ ગામમા મહારાજે શું જોયું?

7) મહારાજ ' મુકસેવક ' તરીકે શા માટે જાણીતા છે?

8) રસ્તે ચાલતા વચ્ચે શું – શું આવે છે?

9) કવિ સૌને શું આપવા કહે છે?

10) સાહેબને આવતા જોઈ છોકરાઓ શુ કરતા?

**પ્રશ્ન 8 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. [10- MARKS]**

1) સ્વમૂલ્યાંકન એટલે શુ? શું તમે તમારી જાતનું મૂલ્યાંકન કર્યુ છે?

2) રવિશંકર વ્યાસને ' મહારાજ ' નુ બિરૂદ કેમ મળ્યું?

3) લીંપીગૂંપીને ખળા શા માટે કરવા પડે?

4) લેખકે ગામના પાદરમાં રમાતી કઈ-કઈ રમતોની વાત કરી છે?

5) રેલ્વે સ્ટેશન ઉપર કઈ – કઈ સુચનાઓ લખેલી છે?